# ડભોઈમાં રાષ્ટ્રીય એકતા દિને રન ફોર યુનિટિ કાર્યક્રમ યોજાયો



ડભોઈ,તા. ૨૩

ડભોઈ રાષ્ટ્રીય એકતા દિન પ્રસંગે ડભોઈ પોલીસ સ્ટાફ દ્વારા રન ફોર યુનિટીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સમગ્ર પોલીસ સ્ટાફ સહીતના લોકોએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં દોડવીરોએ નગરના મુખ્ય માર્ગો ઉપર દોડ કરી પોલીસ સ્ટેશન પરત ફર્યા હતા. સમગ્ર દેશમાં ૨૩મી ઓક્ટોબરના રોજ રાષ્ટ્રીય એકતા દિન ઉજવણીના ભાગરૂપે રન ફોર યુનિટીના કાર્યક્રમો સમગ્ર જિલ્લાભરમાં યોજવામાં આવ્યા હતા. તે પૈકી ડભોઈ પોલીસ સ્ટેશન પોલીસ સ્ટાફ દ્વારા પણ વહેલી સવારે પોલીસ ઈન્સ્પેકટર જે .એમ .વાઘેલાના નેતૃત્વ હેઠળ પોલીસ સબ ઈન્સ્પેકટર ડી .કે પંડ્યા તથા કે .સી .બાવા સહીત પોલીસ કર્મીઓ, હોમગાર્ડ જવાનો દ્વારા પોલીસ સ્ટેશનથી દોડવીરોએ દોડનો પ્રારંભ કર્યો હતો. જેમાં નગરના વકીલ બંગલા થઈ હીરાભાગોળના માર્ગો થઈ પોલીસ સ્ટેશન પરત ફર્યા હતા. આ કાર્યક્રમની ઉજવણીમાં પોલીસ સહીત નગરના આગેવાનો પણ જોડાયા હતા. રન ફોર યુનિટી દ્વારા દોડવીરોએ રાષ્ટ્રીય એકતાદિનની ઉજવણી કરી હતી.

લોકસત્તા
24 OCT 2018